<u>દાહોદના મહે. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, દાહોદ.</u>

<u>ફોજદારી કેસ નં. :–૨૬૫૪/૨૦૨૪.</u>

<u>આંક–૧ તળે હુકમ.</u>

(૧) આ કામના **આરોપી ભાવિકકુમાર દીલીપભાઈ સોલંકી, રહે.દાહોદ જનતાચોક ગોધરા રોડ, જી.દાહોદવાળા** વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ–૬૬(૧)બી મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આજરોજ આરોપીએ તેમની સામેનો ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ–૬૬(૧)બીના આક્ષેપ અંગે ગુન્હો કબુલ કરતી કબુલાત પુરસીસ **આંક–૦૪**થી આ અદાલતમાં રજુ કરેલ છે. જેથી **આંક–૦૫** થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમની સામેના સદર ગુન્હાની કબુલાત સ્વૈચ્છીક રીતે, સમજી, વિચારીને કરેલી છે.

(૩) આરોપી તરફે સજા અંગે રજુઆત કરી જણાવેલ છે કે, તેમનો આ પ્રથમ ગુન્હો છે અને ગુન્હો કર્યાનો તેને અફસોસ છે, તેમજ તેમની ઉપર કુટુંબની જવાબદારી છે, જેથી દયા કરવા અરજ કરેલ છે. તે ઉપરાંત કેસના સંજોગો ઘ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરચંદજી ઠાકોરના કેસ કે જે, ૨૦૦૫ જી.એલ.આર. પાના નંબર ૭૦૯ ઉપર પ્રસિઘ્ધ થયેલ છે, તે ચુકાદો વંચાણે લઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : <u>હુકમ</u> : –**

આ કામના **આરોપી ભાવિકકુમાર દીલીપભાઈ સોલંકી, રહે.દાહોદ જનતાચોક ગોધરા રોડ, તા.જી.દાહોદને** ફોજદારી કાર્યરીતિ સંહીતા, ૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ–૬૬(૧)બી મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા)નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪મી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૪ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :–૧૪/૦૯/૨૦૨૪. (ડી.ડી.શાહ)

દાહોદ. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, દાહોદ

જી.જે–૦૧૫૫૧.